# 21

**સુરત શહેર અને જિલ્લામાં રત્ન કારીગરો**

*15/4/530 **શ્રી અમિત ચાવડા** (આંકલાવ): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરત શહેર અને જિલ્લામાં કેટલા રત્ન કારીગરો કામ કરે છે, | (૧) | • ડાઈરેક્ટોરેટ ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ, ગુજરાત રાજ્ય દ્વારા કારખાના ધારા-૧૯૪૮ હેઠળ નોંધાયેલ કારખાનાઓને જરૂરીયાત મુજબના મહતમ કામદારો રાખવા માટે લાઇસન્સ આપવામા આવે છે. સદર કચેરી દ્વારા તા. ૩૧/૧૨/૨૦૨૩ અંતિત સુરત શહેરમાં ૪૪૫ અને જિલ્લામાં ૫૬ હીરા ઉદ્યોગના કાર્યરત કારખાનાઓ પૈકી સુરત શહેરમાં ૨,૭૫,૯૦૦ અને જીલ્લામાં ૧૭,૧૧૦ મહત્તમ કામદારો માટે લાયસન્સ ઇશ્યૂ થયેલ છે. જેમાં કારખાનામાં કામ કરતા વહીવટ, મેઇન્ટેનન્સ, એકાઉન્ટ, સ્ટોર, સીક્યુરીટી, હાઉસકીપીંગ તેમજ ઉત્પાદન પ્રક્રિયામાં જોડાયેલ તમામ કામદારો નો સમાવેશ થાય છે.<br>• વધુમાં, શ્રમ આયુકતશ્રી, ગાંધીનગર એ જણાવ્યાનુસાર, તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ સુરત શહેર અને જિલ્લામાં ભારત સરકારના અસંગઠિત શ્રમિકો માટેના ઈ- શ્રમ પોર્ટલ ઉપર જેમ્સ એન્ડ જવેલરી વ્યવસાયમાં સુરત શહેરમાં શૂન્ય અને સુરત જિલ્લામાં ૧૨,૫૮૮ અસંગઠિત કારીગરો નોંધાયેલ છે. |
| (૨) | ઉક્ત કારીગરોને કામદાર કાયદા હેઠળ સમાવેશ થાય છે કે કેમ, | (૨) | ઉક્ત કારીગરો પૈકી સ્વરોજગાર તથા ઘરખાતા સિવાયના કારીગરોનો કામદાર કાયદા હેઠળ સમાવેશ થાય છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રત્ન કલાકારો દ્વારા સરકારને રત્ન કલાકાર કલ્યાણ બોર્ડ બનાવવા કેટલી રજુઆતો મળી, અને | (૩) | શૂન્ય |
| (૪) | મળેલ રજુઆતો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | (૪) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------------------------